# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૦૬ તા.૧૬-૦૪-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- નોવેલ કોરોના વાયરસ કારણે સરકારશ્રી દ્વારા નકકી કરેલ ગાઈડ લાઈનનું પાલન કરવા બાબત.

સંદર્ભઃ- ૧. ગૃહ વિભાગના હુકમ ક્રમાંક : વિ-૧/કુઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૬-૦૪-૨૧
૨. ગૃહ વિભાગના હુકમ ક્રમાંક : વિ-૧/કુઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૧૨-૦૪-૨૧
૩. સંયુકત શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો પત્ર ક્રમાંક નં.પ્રાશિનિ/સંકલન/૨૦૨૧ / ૧૯૮૮-૩૦૪૧ તા.૧૫-૦૪-૨૦૨૧
૪. અ.મ્યુ.કો. સેન્ટ્રલ ઓફિસ પરિપત્ર નં.૪ તા.૧૫-૦૪-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નોવેલ કોરોના વાયરસ WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને રાજય સરકારના ગૃહ વિભાગ દ્વારા સંદર્ભિત પત્ર ૧ અને ૨ મુજબની ગાઈડલાઈન જાહેર કરેલ છે. તેના અનુસંધાને સંદર્ભ-૩ થી આપેલ સૂચના અનુસાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ સંચાલિત તમામ પ્રાથમિક શાળાઓમાં નિયત સમય અનુસાર શાળાઓમાં શિક્ષકોની હાજરી ૫૦% કરવાની થાય છે. જેમાં શાળાના શિક્ષકોની હાજરી પત્રક ઉપરના ક્રમ નં. ૧,૩,૫,૭,૯.... વગેરે શિક્ષકોએ સોમવાર, બુધવાર અને શુક્રવાર ફરજ બજાવવાની રહેશે. જયારે ક્રમ નં.૨,૪,૬,૮,૧૦..... વગેરે શિક્ષકોએ મંગળવાર, ગુરૂવાર અને શનિવાર ફરજ બજાવવાની રહેશે.

ઉપર જણાવ્યા મુજબની શિક્ષકોની હાજરીની પદ્ધતિમાં કોઈ ફેરફાર કરવાનો રહેશે નહી તેમજ સોમવાર, બુધવાર અને શુક્રવારના રોજ ક્રમ ૧ એટલે કે શાળા સંચાલનની તમામ જવાબદારી મુખ્ય શિક્ષકની રહેશે જયારે મંગળવાર, ગુરૂવાર અને શનિવારના રોજ શાળા સંચાલનની તમામ જવાબદારી ક્રમ -૨ ના શિક્ષકની રહેશે. સુપરવિઝન અને મોનીટરીંગના હેતુથી આ વ્યવસ્થા ચૂસ્તપણે અનુસરવાની રહેશે. જરૂર પડે સમગ્ર સ્ટાફે શાળામાં હાજરી આપવાની રહેશે.

હાલમાં કોવિડ-૧૯ અંતર્ગત ફાળવવામાં આવેલી વિવિધ ફરજ ઉપરના શિક્ષકો માટે ૫૦% સ્ટાફનો નિયમ લાગુ પડશે નહી તેમજ તમારી શાળાના તમો સહિત તમામ શિક્ષકોને જયારે પણ અત્રેની કચેરી દ્વારા, ઝોન કચેરી દ્વારા અથવા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આવશ્યક સેવાઓ માટે ફરજ ઉપર મુકવામાં આવે ત્યારે તાત્કાલિક જે-તે ફરજ ઉપર હાજર થવાનું રહેશે. આ સંજોગોમાં ૫૦% સ્ટાફનો નિયમ લાગુ પડશે નહી.

તમામ શિક્ષકોએ પોતાને ફાળવેલા વિષય અંતર્ગત રાબેતા મુજબ ઓનલાઈન શિક્ષણકાર્ય ચાલુ રાખવાનું રહેશે.

તા.૧૬-૦૪-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી